

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### ખેડુતોની પાસેથી ૧૫૦,૭૮૦ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી

જિલ્લામાં બે વર્ષ દરમિયાન કેટલા ખેડુતોની મગફળી ટેકાના ભાવે ખરીદવા માટે ઓનલાઈન નોંધણી કરવામાં આવી કલોલના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે કૃષિમંત્રીએ રજુ કરેલા ઉત્તરમાં જણાવાયા મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માં કુલ ૨૭૭૫ ખેડુતોએ મગફળી ટેકાના ભાવે ખરીદવા માટે ઓનલાઈન નોંધણી કરાવી હતી. જયારે વર્ષ ૨૦૧૮-૧૯ માં ૩૨૩૫ ખેડુતોની ઓનલાઈન નોંધણી થઈ હતી. જયારે નાફેડ દ્વારા કરવામાં આવેલ આ નોંધણી અન્વયે કેટલી મગફળીની ખરીદી થઈ તેવા પેટા પ્રશ્ન સંદર્ભે અપાયેલા ઉત્તરમાં જણાંવાયુ છે કે વર્ષ ૨૦૧૭-૧૮ માં ગાંધીનગર , દહેગામ અને માણસા કેન્દ્ર પરથી કુલ ૭૩૮૫૪.૨૦ ક્વિન્ટલ અને વર્ષ ૨૦૧૮-૧૯ માં ૭૬૯૨૬.૨૦ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી જયારે નાફેડ દ્વારા મગફળી ખરીદી કરવામાં ગેરરીતી અંગે કોઈ ફરિયાદ મળી નથી.

### જિલ્લામાં ૧૯૯૮ પ્રધાનમંત્રી આવાસ બનાવાનુ કામ પુર્ણ

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ કેટલા આવાસો મંજુર કરાયા છે. જયારે બે વર્ષમાં કુલ કેટલા આવાસોનુ નિર્માણ કરાયુ છે. દહેગામના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે રજુ કરાયેલા ઉત્તરમાં જણાવાયા મુજબ બે વર્ષમાં કુલ ૧૯૯૮ આવાસો મંજુર કરાયા છે. જયારે આ પૈકી ૧૯૪૦ આવાસોનુ કામ પુર્ણ થઈ ગયુ છે. આ કામગીરી પાછળ રૂ ૨૨૬૪.૮૦ લાખનો ખર્ચ કરાયો છે.

### ખેતી નિયામકની કચેરીમાં વિવિધ સંવર્ગની ૧૪૦ જગ્યાઓ ખાલી

કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તાબા હેઠળની ખેતી નિયમાકની કચેરીનુ સંવર્ગવાર મંજુર મહેકમ કેટલુ છે. તેવા પ્રશ્નના જવાબમાં જણાંવાયા મુજબ વર્ગ-૧ની ૨૫ , વર્ગ-૨ ની ૯૪, વર્ગ -૩ ની ૨૦૮ અને વર્ગ -૪ ની ૪૨મંજુર જગ્યાઓ છે. જયારે આ પૈકી વર્ગ-૧ની ૧ વર્ગ -૨ ની ૨૫ અને વર્ગ -૩ ની સૌથી વધુ ૧૦૪ તેમજ વર્ગ-૪ ની ૧૦ સહીત કુલ ૧૪૦ જગ્યાઓ ખાલી છે. જેમાં વર્ગ-૪ ની જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવામાં આવશે.

### નવા ૧૫ કોલ્ડ સ્ટોરેજ માટે સરકારે રૂ ૨૭.૭૯ કરોડની સહાય ચુકવી

જિલ્લામાં બાગાયતી પાકોના સ્ટોરેજ માટે કેટલા કોલ્ડ સ્ટોરેજ કાર્યરત છે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના જવાબ સંદર્ભે અપાયેલા ઉત્તરમાં જણાવાયા મુજબ દહેગામ તાલુકામાં ૪૦,માણસા તાલુકામાં ૧૨,ગાંધીનગર તાલુકામાં ૯ અને કલોલ તાલુકામાં ૨ સહીત કુલ ૬૩ કોલ્ડ સ્ટોરેજ કાર્યરત છે. જયારે બે વર્ષમાં ૧૫ નવા કોલ્ડ સ્ટોરેજ બનાવાયા છે. આ માટે સરકારે રૂ ૨૭.૭૯ કરોડની સહાય ચુકવી છે.

### જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને ૯૮૨૩ કી લી કેરોસીન વિતરણ કરાયુ

જિલ્લામાં બે વર્ષ દરમિયાન સિલીન્ડર ન ધરાવતા હોય તેવા

● અનુસંધાન પાન-૭ પર





રાજયપાલનો શપથવિધિ - રાજભવન ખાતે પદનામિત રાજયપાલ માનનીય શ્રી આચાર્ય દેવવ્રતજીએ સંસ્કૃતમાં શપથ ગ્રહણ કર્યા હતા. ગુજરાત વડી અદાલતના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિએ તેમને ગુપ્તતા અને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા... આ પ્રસંગે વિદાય લઈ રહેલા રાજયપાલ ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને મંત્રી મંડળના સભ્યો, વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે સંભાળ્યું હતું.

# આજે મનપાની પેટા-ચૂંટણીની મતગણતરી

## પાંચ રાઉન્ડમાં મતગણતરી થશે : એક કલાકમાં સમગ્ર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર ાલિકાના વોર્ડ નં. ૩ની યોજાયેલ પ્રથમ પેટા-ચૂંટણીની આજે મતગણતરી પાંચ રાઉન્ડમાં થશે.

### કયા સેક્ટરમાં કેટલુ મતદાન

| સેક્ટર | થયેલ મતદાન | બુથ |
|---|---|---|
| સે. ૧૯ | ૩૮૧ | ૨ |
| સે. ૨૦ | ૬૧૪ | ૩ |
| સે. ૨૧ | ૧૧૨૫ | ૫ |
| સે. ૨૨ | ૨૧૮૭ | ૮ |
| સે. ૩૦ | ૧૦૦૬ | ૬ |
| કુલ | ૫૩૧૩ | ૨૪ |

ચૂંટણી અધિકારી ભોરણિયાના જણાવ્યાનુસાર આ વોર્ડમાં ૨૪ બુથ હતા. મતગણતરી કેન્દ્ર ખાતે પાંચ ટેબલ રાખવામાં આવ્યા છે. એક સાથે પાંચ ટેબલ પર ગણતરી થશે.

તેમણે જણાવ્યુ છે કે સે. ૧૬માં આવેલ આર્ટસ કોલેજ ખાતે સવારે નવ વાગ્યે મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવશે. પ્રથમ પોષ્ટલ બેલેટથી મળેલ મતોની ગણતરી હાથ ધરવામાં આવશે. આ વોર્ડમાં ૨૭ સર્વિસ વોટર્સ નોંધાયેલા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે રાઉન્ડવાર મતગણતરીનું પરિણામ જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણીમાં ચાર ઉમેદવારો નોંધાયા હતા. જેમાં ત્રણ રાજકીય પક્ષોના અને એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે. ઈ.વી.એમ.થી યોજાયેલ આ ચૂંટણીનું પરિણામ એક કલાકમાં આવી જશે તેમ રાજકીય પંડિતોનું માનવુ છે. ગઈકાલે યોજાયેલ આ ચૂંટણીમાં ૨૮.૭૫ ટકા મતદાન નોંધાયુ છે. જેમાં ૨૯૫૯ પુરૂષો અને ૨૩૫૪ મહિલાઓએ મળી કુલ ૫૩૧૩ મતદારોએ મતદાન કર્યુ હતુ જે નોંધનીય છે.

મનપાના મતગણતરી કેન્દ્ર પાસે નમો વાઈફાઈ પકડાતું હોવાની ફરિયાદ કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવતા તંત્રના અધિકારીઓ ત્યાં દોડી ગયા હતા. આ અંગે સૂત્રોએ જણાવ્યું છે કે, આ ફરિયાદમાં તથ્ય જણાયું નથી અને જવાબદાર અધિકારીને ત્યાં ફરજ પર રખાયા છે.

## ચૂંટણીના આંકડા વિશ્લેષકોની વણકથી વાતો : બે બુથમાં ૧૦૦થી ઓછુ મતદાન

### પાંચ બુથમાં ૩૦૦થી વધુ તો નવ બુથમાં ૨૦૦ થી ૩૦૦ની વચ્ચ મતદાન અને ૮ બુથમાં ૧૦૦ થી ૨૦૦ની વચ્ચે મતદાન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાની ગઈકાલે યોજાયેલ ચૂંટણીના આજે સત્તાવાર આંકડાઓ જાહેર થયા પછી ચૂંટણીના આંકડા નિષ્ણાતો તેની ગણતરીમાં વ્યસ્ત થઈ ગયા છે.

ઓછા મતદાન પછી પણ મતગણતરી પર સૌની નજર મંડાયેલી છે. ચૂંટણી વિશ્લેષકોએ જે રસપ્રદ તારણો કાઢ્યા છે તેની કેટલીક રસપ્રદ વિગતો આવી છે. સૌથી વધુ મતદાન સે. ૨૨માં નોંધાયુ છે જયારે સૌથી ઓછુ મતદાન સે. ૧૯માં નોંધાયુ છે.

પાંચ બુથ એવા છે જ્યાં ત્રણસો કરતાં વધુ મતદારોએ મતદાન કર્યુ છે. જ્યારે બે બુથ એવા છે જ્યાં ૧૦૦ મતદારો કરતાં પણ ઓછુ મતદાન થયુ છે. આ બે બુથો સે. ૩૦માં આવેલા છે જે પાંચ બુથમાં ૩૦૦ કરતાં વધુ મતદારોએ મતદાન કર્યુ છે તેમાં સે. ૨૨ના ૪ બુથ અને સે. ૨૧ના એક બુથનો સમાવેશ થાય છે.

નવ બુથમાં ૨૦૦ કરતાં વધુ મતદારોએ મતદાન કર્યુ છે. જેમાં સે. ૧૯નું એક બુથ, સે. ૨૦ના બે બુથ, સે. ૨૧ના બે બુથ, સે. ૨૨ના બે બુથ અને સે. ૩૦ના બે બુથનો સમાવેશ થાય છે.

જ્યારે ૮ બુથ એવા છે જેમાં ૧૦૦ કરતાં વધુ પણ ૨૦૦થી ઓછા મત પડ્યા છે. જેમાં સે. ૧૯ના એક બુથ, સે. ૨૦માં એક બુથ, સે. ૨૧માં બે બુથ, સે. ૨૨માં બે બુથ અને સે. ૩૦માં બે બુથનો સમાવેશ થાય છે.

જે કુલ ૫૩૧૩ મતદારોએ મતદાન કર્યુ છે તેમાં ૨૯૫૯ પુરૂષ મતદારો અને ૨૩૫૪ મહિલા મતદારોએ મતદાન કર્યુ છે. થયેલ મતદાનમાં પુરૂષ મતદારોએ ૩૧ ટકા તો મહિલા મતદારોએ ૨૬.૩૪ ટકા મતદાન કર્યુ છે. સરેરાશ ૨૮.૭૫ ટકા મતદાન થાય છે. સ્ત્રી મતદારોનું મતદાન દર

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર ખાતે ૩૭૦ પથારીની સુવિધા સાથે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનાવાશે : નિતીનભાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ખાતે રૂ. ૨૦૨ કરોડના ખર્ચ ૩૭૦ પથારીની સુવિધા ધરાવતી સુપર સ્પેશ્યાલીટીની હોસ્પિટલ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત આજે રાજયના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં કરી છે.



તેમણે જણાવ્યુ હતુ કે આવી જ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ અમદાવાદ સોલા ખાતે પણ ઉભી કરવામાં આવશે.

નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કાર્ડીયોલોજી, નેફ્રોલોજી, ગેસ્ટ્રોલોજી, એન્ડોક્રીનોલોજી, કાર્ડીયોવાસ્ક્યુલર સર્જરી, પીડીયાટ્રીક રૂમ, પ્લાસ્ટીક સર્જરી, યુરોલોજીની સુવિધા પુરી પાડવામાં આવશે. અમદાવાદને મેડી સીટી તરીકે જાહેર કરવામાં આવશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પુરી પાડવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે રાજ્યના છેવાડાના નાગરિકોને વૈશ્વીકસ્તરની આરોગ્ય સેવા-સવલતો પુરી પાડવાનો સરકારે નિર્ણય કર્યો છે.

આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રૂ. ૪૫૦ કરોડની જોગવાઈ કરી છે. તબીબી શિક્ષણ માટે મેડીકલ, ડેન્ટલ, ફિઝીયોથેરોપીની ૧૧૪૬૫ બેઠકો રાજ્યમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી માટે ૩૪૭૧ બેઠકો ઉપલબ્ધ છે.

# પરસેવે ભીંજાતુ જનજીવન ઉકળાટથી તોબા

### જુલાઇ અંતિત સ્થિતિએ જિલ્લામાં વરસાદની ૫૨ ટકા ઘટ : જુલાઇના અંતે સિઝનનો માંડ ચાર ઇંચ છુટોછવાયો વરસાદ થયો : ગઇકાલે રાત્રે આચમની ભરીને માત્ર ૯ મી મી વરસાદ વરસ્યો : આકરા બફારાથી ત્રસ્ત નગરજનોને બફારાથી ગુંગળામણ

ગાંધીનગર તા૨૨

રાજયમાં સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં મેઘમહેર કરતા નાગરિકોએ રાહતની લાગણી અનુભવી છે. પરંતુ ગાંધીનગર પર હજુ મેઘરાજા મહેરબાન થયા નથી. વરસાદની ગેરહાજરી વચ્ચે પરસેવે નિતરતુ જનજીવન આકરા બફારાથી આકુળવ્યાકુળ છે. ગઈકાલે મોડીરાત્રે પણ આચમની ભરીને વરસેલા વરસાદથી માત્ર ભીની માટીની મહેંક પ્રસરી હતી. ગાંધીનગર જિલ્લામાં જુલાઈના અંતે થતા સિઝનના ૨૫૦ થી ૩૦૦ મીમી વરસાદની સામે માંડ ૧૦૯ મી મી વરસાદ થયો છે. સિઝનના જુલાઈ અંતિત વરસાદની સાપેક્ષમાં જિલ્લામાં વરસાદની ૫૨ ટકા ઘટ હોવાનુ સ્પષ્ટ થયુ છે.



રાજયના વિવિધ શહેરોમાં મેઘરાજા હેત વરસાવી જાય છે. જયારે ગાંધીનગરથી મેઘરાજા રીસાયેલા છે. ગાંધીનગર જિલ્લામાં વરસાદની કાગડોળે વાટ જોવાઈ રહી છે. અત્યાર સુધી સિઝનનો ૧૦૯ મી મી વરસાદ જ નોંધાયો છે. સામાન્ય રીતે જુલાઈના અંત સુધીમાં સિઝનનો ૨૫૦ થી ૩૦૦ મી મી વરસાદ થતો હોય છે. પરંતુ આ વર્ષે જુલાઈ મહીનો પુરો થવામાં છે છતા મેઘરાજા હજુ પણ રીસાયેલા છે. અત્યાર સુધી માંડ છુટા છવાયા વરસાદી ઝાપટા સાથે ચાર ઈંચ વરસાદ માંડ થયો છે. જે સિઝનના જુલાઈ સુધીના વરસાદની સાપેક્ષમાં માત્ર ૪૮ ટકા છે. અલબત્ત મેઘરાજાના રીસામણા વચ્ચે જુલાઈની અંતિત સ્થિતિએ જિલ્લામાં વરસાદની ૫૨ ટકા ઘટ છે. આમ તો વિધિવત ચોમાસાના પ્રારંભ બાદ વરસાદ થયો જ નથી તેમ કહી શકાય તેવી સ્થિતિ છે. ત્યારે પ્રિ મોન્સુન એકટીવીટીના ભાગરૂપે વરસાદે શહેર જિલ્લામાં માત્ર ભીંજારો કરી નગરજનોને ચોમાસુ નજીકમાં હોવાનો અહેસાસ કરાવ્યો હતો. ગઈકાલે મોડીરાત્રે પણ થોડીવાર માટે વરસાદનુ હળવુ ઝાપટુ વરસ્યુ હતુ. પરંતુ મેઘરાજા ધોધમાર વરસ્યા ન હતા. સવારે વરસાદી ભીંજારા વચ્ચે વરસાદની આશ મંડરાઈ હતી. પરંતુ દિવસ દરમિયાન આકાશમાં અંશત :

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતમાં ૨૬૦૦ કરોડની પાક વિમાની રકમ ચુકવાઈ

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી ફસલ પાક વીમા યોજના ખેડૂતોને સુરક્ષિત કરવા રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવી છે ત્યારે આ દેશના ઈતિહાસમાં ગુજરાતમાં ૨૬૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ખેડૂતોને તેમના પાક વીમા પેટે તેમના ખાતામાં જમા કરી છે. પાક વીમાની રકમનો વીમા કંપનીના બદલે ખેડૂતોને સીધો જ લાભ મળે તે માટે કોપર્સ ફંડ ઉભુ કરવા રાજ્ય સરકારે દરખાસ્ત કરી છે જેનાથી સમયસર ખેડૂતોને પાક વીમા પેટે તેમના નુકસાનની રકમ આપી શકાય. કૃષિ મંત્રીશ્રીએ મગફળી માટે રૂપિયા ૧૮૦૦ કરોડ જેટલી રકમ પાક વીમા પેટે ચૂકવાઈ હતી તેમ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે પાક વીમાની ગણતરી ક્રોપ કટિંગને આધારે નિયત કરવામાં આવી છે અને તે ક્રોપ કટિંગને આધારે પાક વીમાની ગણતરી કરી રકમ ચૂકવવામાં આવે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ સરકાર ખેડૂતોની ચિંતા કરે છે એટલે ગઈ સાલ અનિયમિત ચોમાસુ હતુ અને કેન્દ્રના દુષ્કાળના નિયમો મુજબ પાંચ ઈંચ વરસાદ સુધી સબંધિત વિસ્તારો અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે છે, પરંતુ આ સરકારે ૧૪ ઈંચ વરસાદ થયો હોય તેવા વિસ્તારને વાસ્તવિક

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com